ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# પેથાપુર-મહુડી રૂટમાં વૃક્ષો કાપવાનું શરૂ વનતંત્રને ૩૯ લાખનું વળતર ચુકવાયુ

## પ્રવાસન પથ ફોરલેન બન્યા બાદ યાત્રાળુઓની રોડ સેફ્ટી જળવાશે

ગાંધીનગર, તા.૩૦

પેથાપુર-મહુડી પ્રવાસન પથને ફોરલેન બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. આ રૂટમાં આવતા નડતરરૂપ વૃક્ષોને કાપવાનું કામ શરૂ કરી દેવાતા કામ હવે ઝડપથી થશે. તંત્ર દ્વારા અંદાજિત ૧ હજાર વક્ષોની કટોતીના મામલે વનવિભાગને વળતરપેટે રૂ. ૩૯ લાખની ચુકવણી કરવામાં આવી છે.

પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાની કામગીરીમાં પ્રારંભિક તબક્કે વન વિભાગનું ગ્રહણ લાગતા કામમાં ઝડપ આવી શકી ન હતી. પ્રવાસન પથ પર ટ્રાફીકનું ભારણ રહેતું હોવાથી પવિત્ર યાત્રાધામ મહુડીને ધ્યાને લઈ આ માર્ગને કરોડોના ખર્ચે ફોરલેન બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે જયારે આ કામગીરી દરમિયાન રૂટમાં આવતા અંદાજિત ૧ હજાર વૃક્ષો દુર કરવા પડે તેમ હોવાથી માર્ગ મકાન વિભાગ કક્ષાએથી વન તંત્રની મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા હાલ આ રૂટમાં વૃક્ષો દુર કરવાનું કામ શરુ કરી દેવાયું છે. જેના પરિણામે પેથાપુર-મહુડી માર્ગનું કામ હવે વધુ ઝડપથી થશે. તંત્ર દ્વારા વૃક્ષો કાપવાની દરખાસ્ત અન્વયે વન વિભાગને રૂ. ૩૯ લાખનું વળતર ચુકવ્યું છે. પેથાપુર-મહુડી માર્ગ ફોરલેન બનતા આ રૂટમાં માર્ગ સલામતીના પરિબળો મજબુત બનશે જયારે પ્રવાસીઓને પણ ટ્રાફીકની દષ્ટિએ સરળતા ઉપલબ્ધ થશે.

# અંબોડના અશ્વમેળાનું આકર્ષણ



## મહારાણા પ્રતાપનો ચેતક ઘોડો મૂળ ગુજરાતના ઝાલા દરબારનો હતો

ગાંધીનગર, તા.૩૦

પશુપાલન વિભાગ, ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર-મહુડી માર્ગ પરના અંબોડ ગામ ખાતે અશ્વ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અંબોડ ગામના પાદરે આવેલ સાબરમતી નદીના પટ પર યોજાયેલ અશ્વ મહોત્સવ આજે ગાંધીનગર જિલ્લા વાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. અલમસ્ત ઘોડાને જોઈને અશ્વ મહોત્સવમાં આવતા સૌ કોઈને મહારાણા પ્રતાપના ચેતક ઘોડાની યાદ આવી જાય છે. ચેતક ઘોડો મૂળ ગુજરાત રાજયના સુરેન્દ્રનગર જિલ્લાના હળવદના ઝાલા દરબારનો હતો.

ઈતિહાસ નિષ્ણાતો અને ચારણ સાહિત્યના જાણકારોના મંતવ્યો મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદના ઝાલા દરબારે ચેતક ઘોડાની મા દાંતીશાખના ચારણને ભેટમાં આપી હતી. ચેતક ઘોડાની મા ને બે વછેરા હતા. જેમાં એક ચેતક અને બીજો નાટક હતો. ચેતક ઘોડાને ભારતના ઈતિહાસમાં શૂરવીર રાજાઓમાં ગણતરી થતાં મહારાણા પ્રતાપને ભેટમાં આપવામાં આવ્યો હતો, તેવી લોકવાયકા છે. પરંતુ ચેતકની મા માંડલ પાસેના ગામની હતી તે વિષેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. ભારતમાં ઘોડાનો ઈતિહાસ પુરાણોમાં દર્શાવ્યા મુજબ ઘોડો સુમદ્રમંથનમાંથી પ્રાપ્ત થયો છે. ઘોડાને લગતી પૌરાણિક કથા ઉપરથી વિદ્વાનો એવું અનુમાન કરે છે કે, ઘોડો દરિયાપારનું પ્રાણી છે. સમુદ્રમંથન વખતે જે ઘટના ઈ.સ.ની આસપાસ બની છે. તે પછી ઘોડાનું ભારતમાં આગમન થયું છે. સમુદ્રમાંથી પ્રાપ્ત ૧૪ રત્નોમાં ગણાતો ઘોડો જેનું નામ ઉચ્ચૈશ્રવા જેની કાનસૂરી ઉંચી રહેતી હોવાથી રાખવામાં આવ્યું અને તેને ઈન્દ્ર ભગવાને પોતાની પાસે રાખી લીધો.

આરંભમાં ઘોડો સવારી માટે ન હતો, પરંતુ ગાયની માફક એક ઔષધદાતા પ્રાણી હતો. આયુર્વેદમાં ઘોડાના અંગોનો ઔષધ તરીકે ઉલ્લેખ જોવા મળી રહ્યો છે. ઘોડાનું માંસ વાયુ હરનાર અને પુષ્ટદાતા છે. જે આંખ, કાન વગેરેને હિતકારી અને શક્તિ વર્ધક છે. ઘોડાનો પેશાબ કૃમિ નાશક અને ગાંડપણ દૂર કરનાર છે. ઘોડાના પગની ખરીમાંથી હથિયારો, વાળમાંથી ગાલીચા તથા ચામડામાંથી માંસ ખાવાના ઉલ્લેખો છે.

જંગલી અવસ્થામાં માણસે ઘોડાનો પહેલો ઉપયોગ તો શિકાર કરી, તેનું માંસ ખાવા માટે કર્યો છે. સમય જતાં માનવ-માનવ વચ્ચે દુશ્મનાવટ ઉભી થતાં દુશ્મનથી દૂર

● અનુસંધાન પાન-૭ પર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com